ચાણક્ય ગ્રુપનું કડક અભિગમવાળું દૈનિક

# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૧ અંક ૨૭૬ તારીખ ૨૩-૦૭-૨૦૧૫ પાનાં : ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : શ્રી રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા






આયુષ્યમાન ભવ:
લે. પરેશ ગોરધનદાસ
દિવાળી ઓફર

રૂ.૫૦
ગિફ્ટ આપવા માટે ઉત્તમ પુસ્તક
કુરિયરથી મંગાવવા માટે રૂા. ૫૦નો ડ્રાફ્ટ જૈની પબ્લિશર્સના નામે, ૧૦૫ કમલ કોમ્પ્લેક્સ, સ્ટેડિયમ પાંચ રસ્તા પાસે, અમદાવાદ-૯ ઉપર મોકલી આપો

શાંત ચિત્ત માટે મગજને સતેજ રાખે તેમજ ચિંતા, અકળામણ, ગુસ્સો દૂર કરે તે માટે વૈજ્ઞાનિક ઢબે તૈયાર થતું ક્રોસવર્ડ મેગેઝીન
મગજમારી ભેજામારી
નિવૃત્ત લોકો, ગૃહિણીઓ, બાળકો, ચાલીસીમાં પ્રવેશી ચૂકેલાઓ માટે બેસ્ટ
દર બુધવારે, કોપી બુક કરવો


# સેન્સેક્સમાં તોફાની ઉછાળો

## સ્ટીલની આયાત જૂન ક્વાર્ટરમાં ૫૦ ટકા વધી

રશિયા અને ચીન હજી પણ નીચા ભાવે સ્ટીલ ભારતના માર્કેટમાં ઠાલવી રહ્યા છે અને તેને કારણે દેશના સ્ટીલના વપરાશમાં કેવળ ૭.૪ ટકા વધારો થયો હોવા છતાં આયાતોમાં ૫૦ ટકાનો સજ્જડ ઉછાળો જોવાય છે. ચીનમાં સ્ટીલના ભાવ અત્યારે ૨૦ વર્ષના બોટમ ઉપર છે, પરંતુ મે મહિનાની સરખામણીમાં જૂન મહિના દરમિયાન આયાતમાં ૪.૭ ટકાનો ઘટાડો જોવાય છે પરંતુ ચીન - ૨૦૧૪ની સરખામણીમાં આયાતો ૪૯.૫૦ ટકા વધી છે. કેન્દ્ર સરકારે જૂન મહિનામાં આયાતો ઘટાડવા માટે કસ્ટમ ડ્યૂટીમાં ૨.૫ ટકાનો વધારો કર્યો હતો અને ફ્લેટ સ્ટીલ ઉપરની આયાત ડ્યુટી ૭.૫ ટકાથી વધારીને ૧૦ ટકા કરવામાં આવી છે.

સામે પક્ષે ફિનિસ્ડ સ્ટીલની નિકાસ ૩૧.૭ ટકા વધીને ૯.૯૧ લાખ ટન થઈ છે. પરંતુ ગયા વર્ષના જૂનની સરખામણીમાં નિકાસમાં ૨૫ ટકાનો ઘટાડો જોવાય છે.

## કઠોળની આયાત ૭૭ ટકા વધી

ભારતમાં કઠોળની અછત ઉભી થવાથી આયાતો વધી છે અને જૂન મહિનામાં કઠોળની આયાતમાં ૭૭ ટકાનો ઉછાળો જોવાય છે. જૂન-૨૦૧૪માં રૂ. ૧૧૭૮ કરોડની આયાત સામે જૂન-૨૦૧૫માં રૂ. ૨૦૯૧ કરોડની આયાત થઈ છે. વૈશ્વિક સ્તરે તેજી છે.

## સીઈએસસી : રૂ. ૬૦૯, ઝડપથી વધે




આર.પી. ગોએન્કા ગ્રુપની આ કંપનીનો શેર થોડા મહિના પહેલા જોરદાર ફેન્સી દર્શાવતો હતો અને સપ્ટેમ્બર-૨૦૧૪માં તેણે રૂ. ૮૨૮નું ટોપ બતાવેલું અને તે સમયે આ શેરમાંથી નફો બુક કરી લેવાનું ચાણક્યના એનાલિસીસમાં દર્શાવ્યું હતું અને તે પછી જૂન-૨૦૧૫માં આ શેરમાં રૂ. ૫૦૫નું બોટમ બન્યું હતું અને બોટમઆઉટ થઈને હવે આ શેર તેજી તરફી બની ગયો છે.

સીઈએસસી અગાઉ કલકત્તા ઈલેક્ટ્રિસિટી સપ્લાય કોર્પોરેશન એવું લાંબુ નામ ધરાવતી હતી અને તે પછી તેનું નામ ટૂંકું કરવામાં આવ્યું. પ્રમોટરો પાસે ૪૯.૯૨ ટકા શેરો છે, જ્યારે વિદેશી રોકાણકારોનું હોલ્ડિંગ છ મહિના દરમિયાન ૨૩.૪૮ ટકાથી વધીને ૨૬.૫૫ ટકા થયું છે, જ્યારે સ્થાનિક સંસ્થાઓનું હોલ્ડિંગ અત્યારે ૧૪.૦૯ ટકા છે. રિટેઈલ ઈન્વેસ્ટર પાસે ૯.૪૪ ટકા શેરો રહ્યા છે.

ભારતના પાવર જનરેશન સેક્ટરમાં કંપનીઓને મૂડીરોકાણ ઉપર ફિક્સ રિટર્નની જોગવાઈ છે અને તેને કારણે આ કંપની છેલ્લા ઘણા સમયથી ખૂબ સુંદર નફાશક્તિ હાંસલ કરી રહી છે.

માર્ચ-૨૦૧૫માં પૂરા થયેલા વર્ષ દરમિયાન રૂ. ૬૧૮૯ કરોડની આવકો ઉપર કંપનીએ રૂ. ૬૯૮ કરોડનો નેટનફો અને રૂ. ૫૪.૫૧ની શેરદીઠ કમાણી હાંસલ કર્યા હતા, જ્યારે માર્ચ ક્વાર્ટર દરમિયાન રૂ. ૨૪૪નો નેટનફો અને રૂ. ૧૮.૩૫ની શેરદીઠ કમાણી હાંસલ થયા હતા.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરની આ કંપની નવી સરકારની રચના થયા પછી ખૂબ જ ઝડપથી આગળ વધે તે સંભાવના ખૂબ મજબુત છે.

આ કંપની સને ૧૮૯૭થી કલકત્તા અને હાવરા ખાતે પાવર જનરેશન અને ડિસ્ટ્રિબ્યુશનનું કામકાજ કરી રહી છે. કલકત્તા અને હાવરા શહેરના ૫૬૭ ચો.કિ. વિસ્તારમાં આ કંપની એક માત્ર ડિસ્ટ્રિબ્યુશન કંપની છે અને લગભગ ૨૯ લાખ ગ્રાહકો ધરાવે છે. કંપની કુલ ૧૨૨૫ મેગાવોટ વીજળીનું જનરેશન કરે છે. બજબજ પાવર પ્લાન્ટમાં ૭૫૦ મેગાવોટ, સધર્ન જનરેટિંગ સ્ટેશનમાં ૧૩૫ મેગાવોટ અને ટીટાઘર જનરેટિંગ સ્ટેશનમાં ૨૪૦ મેગાવોટ પાવરનું ઉત્પાદન થાય છે અને ગ્રાહકો ૮૮ ટકા વીજળીની જરૂરિયાતનું ઉત્પાદન કંપની જ કરી રહી છે, જ્યારે ૧૨ ટકા વીજળી અન્ય પાર્ટીઓ પાસેથી ખરીદીને સપ્લાય કરવામાં આવે છે.

કોલસાની જરૂરીયાત માટે કંપનીની પોતાની જ ખાણો છે અને ૫૦ ટકા જરૂરિયાત આ ખાણો દ્વારા જ સપ્લાય થાય છે.

આ ઉપરાંત કંપની પોતાનું ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક પણ ધરાવે છે અને તે માટે ૪૭૪ કિ.મી. સર્કિટ ટ્રાન્સમિશન લાઈન કંપનીએ વિકસાવી છે. કંપની દ્વારા રિન્યુઅલ એનર્જીના ત્રણ પ્રોજેક્ટો પણ હસ્તગત કરવામાં આવ્યા છે અને ચંદ્રાપુર ખાતે અને પશ્ચિમ બંગાળમાં હલ્દિયા ખાતેના બે પ્રોજેક્ટો કંપની ઉભા કરવા આગળ વધી રહી છે.

આગામી સમયગાળામાં પાવર પ્રોજેક્ટો સામેના વિઘ્નો ઝડપથી દૂર થાય તે માટે સરકાર પગલા લઈ રહી છે અને કોલસાનું ઉત્પાદન પણ ઝડપથી વધી રહ્યું છે. અત્યારનો ટ્રેન્ડ જોતાં રૂ. ૭૦ની શેરદીઠ કમાણી હાંસલ થવાની ગણતરી છે અને તેની સાથે સાથે શેર રૂ. ૫૯૨થી વધીને રૂ. ૭૫૦ ટચ થવાની ગણતરી છે.

## એપોલો ટાયર્સ : રૂ. ૧૯૪, આકર્ષક

દેશની આ ટોચની ટાયર કંપની છે અને અમેરિકાના માર્કેટમાં તેણે જંગી ટેઈક ઓવર કર્યું હતું, પરંતુ કેટલાક કારણોસર એપોલો ટાયર્સ તે ટેઈક ઓવરમાં આગળ વધી શકી નહીં. ટેઈક ઓવરના સમાચાર આવતા જ શેરનો ભાવ એક તબક્કે રૂ. ૫૮ સુધી નીચો ઉતરી ગયો હતો અને તે પછી ટેઈક ઓવર કેન્સલ થતાં શેર વધીને ફેબ્રુઆરી-૨૦૧૫માં રૂ. ૨૪૯ સુધી ઉંચકાઈ ગયો હતો અને તે પછી તરત જ ઘટીને તેમાં રૂ. ૧૫૫નું બોટમ બન્યું. એપોલો ટાયર્સ છેલ્લા ઘણા સમયથી રૂ. ૧૮૨ના લેવલ ઉપર જ પડી રહ્યો છે. ફંડામેન્ટલ ખૂબ સુંદર હોવા છતાં અન્ય ટાયર શેરો એમઆરએફ વગેરેમાં તોતિંગ ઉછાળો હોવા છતાં છેલ્લા મહિનાથી આ શેર એકદમ ઠંડો પડી રહ્યો હતો, પરંતુ ફરી એક વખત તેમાં આકર્ષણ વધવાની ગણતરી છે.

એપોલો ટાયર્સના પ્રમોટરો પાસે ૪૪ ટકા હોલ્ડિંગ છે, જ્યારે એફઆઈઆઈએ છેલ્લા છ મહિના દરમિયાન પોતાનું હોલ્ડિંગ ૩૪.૯૯ ટકાથી ઘટાડીને ૨૪.૩૮ ટકા કરી નાખ્યું છે. જ્યારે સ્થાનિક સંસ્થાઓ પોતાનું હોલ્ડિંગ ૮ ટકાથી વધારીને ૧૭.૭૧ ટકા કરી ચૂકી છે. જ્યારે રિટેઈલ ઈન્વેસ્ટર પાસે ૫૩.૮૫ ટકા શેરો છે. અને કદાચ એફઆઈઆઈની વેચવાલીને કારણે આ શેર ઠંડો પડી ગયો હોય તે સંભાવના મજબૂત છે.

માર્ચ-૨૦૧૫માં પૂરા થયેલા વર્ષમાં આ કંપનીએ રૂ. ૮૯૩૮ કરોડની કુલ વેચાણ આવકો ઉપર રૂ. ૬૪૫ કરોડનો નેટનફો મેળવ્યો હતો અને ૧૨.૭૦ની શેરદીઠ કમાણી હાંસલ થઈ હતી, જ્યારે માર્ચ-૨૦૧૫ ક્વાર્ટરમાં રૂ. ૨૨૬૦ કરોડની આવકો ઉપર રૂ. ૧૮૨ કરોડનો નફો અને રૂ ૩.૫૯ની શેરદીઠ કમાણી હાંસલ થયા હતા.કંપનીના જૂન ક્વાર્ટરના પરિણામો હવે ડ્યુ છે અને આ પરિણામો ખૂબ જ પ્રોત્સાહક આવે તે સંભાવના જોવાય છે.

ટાયરના ઉત્પાદન માટે મુખ્ય કાચા માલ કુદરતી રબરના ભાવ અત્યારે પાંચ વર્ષના બોટમ ઉપર ચાલી રહ્યા છે તેવી જ રીતે અન્ય મુખ્ય કાચામાલ કાર્બન બ્લેકના ભાવ પણ ક્રૂડને કારણે ખૂબ જ નીચા લેવલ ઉપર આવી ગયા છે. ટાયરમાં વપરાતો સારી ક્વૉલિટીનો કાર્બન બ્લેક ક્રૂડમાંથી બને છે અને ક્રૂડના ભાવ સતત ઘટી રહ્યા હોવાથી કાર્બન બ્લેકની પડતર પણ ઘટતી જાય છે. સામે પક્ષે ટાયરના વેચાણો સતત વધી રહ્યા છે. ભારતમાં પેસેન્જર કાર અને ટુ-વ્હિલરની માગમાં છેલ્લા ઘણા સમયથી મજબૂત વૃદ્ધિદર જોવાયો છે. ટ્રક અને કોમર્શિયલ વાહનોની માગ પણ છેલ્લા ક્વાર્ટરથી સુધરી છે અને મુખ્યત્વે નિકાસ માર્કેટમાં પણ સુધારાનો ટ્રેન્ડ છે.

## નવા અઠવાડિયે પણ ઘટાડો જોવાય



ગયા અઠવાડિયા દરમિયાન સોનામાં મોટો ઘટાડો જોવાયો હતો અને નવા અઠવાડિયામાં પણ સોનું વધારે તીવ્રતાથી ઘટે તેવી ગણતરી છે. ગ્રીસનું સંકટ ટળી જતાં સોના તરફની સેઈફ હેવન માગમાં નોંધપાત્ર ઘટાડો જોવાયો છે અને તે પછી ઈરાન અને મહાસત્તાઓ વચ્ચે અણુશસ્ત્રો અંગે સંધિ થઈ જતા મિડલ ઈસ્ટમાંનું છેલ્લુ ટેન્શન પણ દૂર થઈ ગયું છે અને તે પાછળ ઈક્વિટી માર્કેટમાં જોરદાર ઉછાળો અને સોના અને ચાંદીમાં મોટો ઘટાડો શરૂ થયો છે.

કોમેક્સ ઓગસ્ટ ગોલ્ડ ફ્યુચર સતત ચોથા અઠવાડિયે ઘટ્યું છે. અને ગયા અઠવાડિયા દરમિયાન તેણે સોનામાં ૬.૨ ટકાનો અને ચાંદીમાં ૪.૫ ટકાનો સજ્જડ ઘટાડો બતાવ્યો હતો. ગ્રીસનું સંકટ ચાલુ હતું ત્યારે પણ સોનું વધ્યું નથી, તે પાસું આપણે ધ્યાનમાં રાખવું જોઈએ.

હવે સપ્ટેમ્બર મહિનામાં અમેરિકન ફેડરલ રિઝર્વ વ્યાજદર વધારવાનું શરૂ કરશે તે લગભગ નક્કી છે અને તેને કારણે પણ સોનામાં નબળાઈ અટકે તેવા કોઈ સંકેત નથી દેખાતા.

બ્લૂમર્ગ દ્વારા ગયા અઠવાડિયે નિષ્ણાતોનો સર્વે કરવામાં આવ્યો હતો અને તેમાંથી લગભગ ૬૮ ટકા નિષ્ણાતો સોનામાં મંદી આગળ વધશે તેવો અભિપ્રાય દર્શાવે છે. કેવળ ૨૧ ટકા નિષ્ણાતો સોનામાં તેજીની વાત કરી રહ્યા છે.

આગામી દિવસોમાં અમેરિકન ડોલરમાં વધારે મજબૂતાઈની ગણતરી છે અને તેને કારણે પણ સોનાના ભાવ દબાણ હેઠળ રહેશે તે સંભાવના જોવાય છે.

સોનું અત્યારે પાંચ વર્ષના તળિયા ઉપર આવી ગયું છે અને અત્યારે ટેકનિકલ વેચવાલીનું દબાણ સોના ઉપર ચાલુ છે.

ચીન દ્વારા છેલ્લા છ વર્ષ પછી પ્રથમ વખત મોટા પાયે સોનાની ખરીદી કરવામાં આવી અને તેના ગોલ્ડ રિઝર્વમાં ૫૭ ટકાનો ઉછાળો જોવાયો છે. ચીનની આવી તોતિંગ ખરીદી હોવા છતાં પણ સોનું વધી નથી શક્યું, તે ધ્યાનમાં લેવું જોઈએ.

આગામી દિવસોમાં અમેરિકન ડોલરમાં ખૂબ મજબૂત ઉછાળાની જગ્યા દેખાય છે અને મુખ્યત્વે ડોલરની મજબૂતાઈ પાછળ જ સોનામાં ઘટાડાનો ટ્રેન્ડ ચાલુ રહેવાની ગણતરી છે.

સોનામાં મંદી પાછળ અન્ય એક મજબૂત કારણ પણ હવે ઉપસી રહ્યું છે. ભારતમાં ઓગસ્ટ મહિનાથી તહેવારોની સોનાની ઘરાકી શરૂ થશે. પરંતુ તે પહેલાં જ શ્રી મોદી સરકાર દ્વારા ગોલ્ડ બોન્ડની યોજના ઝડપથી આગળ ધપાવાય તેવી ગણતરી છે. અને આ યોજનાને કારણે લોકોના ઘરમાં સંગ્રહાયેલું સોનું બહાર આવે અને આયાત ઘટે તે પાસું પણ ધ્યાનમાં રાખવું પડે. ગ્રીસ અને ઈરાનના સંકટ દૂર થઈ ગયા હોવાથી ગોલ્ડ ફંડોનું હોલ્ડિંગ પણ વધારે ઝડપથી ઘટે તેવી ગણતરી છે અને તે પાછળ સોનું $૧૧૨૬થી ઘટીને $૧૧૦૦થવાની સંભાવના છે.

## સાઉથ ઇન્ડિયન બેંક : રૂ. ૨૪, લેવાય

એપ્રિલથી જૂન ક્વાર્ટરના સાઉથ ઇન્ડિયન બેંકના પરિણામો અમારી અપેક્ષા કરતાં થોડા નબળા આવ્યા છે. નફો રૂ. ૭૦.૨૦ કરોડ બેસશે તેવા અમારા અંદાજ સામે રૂ. ૬૫.૩૦ કરોડનો નફો હાંસલ થયો છે અને અગાઉના વર્ષની સરખામણીમાં નફામાં ૪૮ ટકાનો ઘટાડો થયો છે. એનપીએને કારણે અગાઉ જમા લીધેલી વ્યાજઆવકો રિવર્સ કરવાને કારણે તેમજ ટ્રેઝરીમાં ઓછો મળવાને કારણે નફાશક્તિમાં ઘટાડો જોવાયો છે. પરંતુ કૃષિ ધિરાણો અને કોર્પોરેટ ધિરાણોમાં વધારે સારો વૃદ્ધિદર જોવાયો છે, પરંતુ કોર્પોરેટ ધિરાણોમાં માંદી લોનનું પ્રમાણ સતત વધતું જાય છે અને તેને કારણે મેનેજમેન્ટે લગભગ રૂ. ૩૦૦ કરોડના ધિરાણો વોચલિસ્ટ હેઠળ મૂક્યા છે અને તેમ છતાં આ શેરમાં અત્યારના નીચા ભાવને કારણે રોકાણ કરવાની અમારી સલાહ છે.

સાઉથ ઇન્ડિયન બેંકે પ્રથમ ક્વાર્ટરમાં વ્યાજઆવકોમાં ખાસ કોઈ જ ફેરફાર નથી દર્શાવ્યો. અમારો રૂ. ૩૪૨ કરોડની વ્યાજઆવકનો અંદાજ હતો અને તેની સામે બેંકે રૂ. ૩૪૦ની બેંકવ્યાજઆવકો મેળવી છે. લોન વૃદ્ધિદર ૧૨ ટકા હાંસલ થયો હોવા છતાં નેટવ્યાજ આવકોમાં ખાસ કોઈ જ વધારો નથી થયો અને મુખ્યત્વે અગાઉના જમા લીધેલા વ્યાજ રિવર્સ કરવાને કારણે વ્યાજ આવકોમાં વૃદ્ધિ નથી જોવાઈ. આ ઉપરાંત કંપની દ્વારા વ્યાજદર ઘટાડાયો હોવાથી તેની અસર પણ જોવાઈ છે. બેંકનો નેટ નફો અત્યારનો ટ્રેન્ડ ધ્યાનમાં રાખીએ તો સને ૨૦૧૫-૧૬માં રૂ. ૩૦૭.૨૦ કરોડથી વધીને રૂ. ૩૮૩.૫૦ કરોડ થવાની ગણતરી છે અને તે રીતે શેરદીઠ કમાણી રૂ. ૨.૩૦થી વધીને રૂ. ૨.૮૦ થવાનો અંદાજ છે.નેટવ્યાજ માર્જીન ૨.૪૦ ટકાથી વધીને ૨.૫૯ ટકા બેસવાનો અમારો અંદાજ છે અને તે રીતે શેરનો અત્યારનો બજારભાવ કેવળ ૮.૫નો પીઈ રેશિયો ભાવિ કમાણી સામે દર્શાવે છે. નેટ એનપીએ પ્રથમ ક્વાર્ટરને અંતે ૧.૨૧ ટકા છે.

ભાવ અતિશય નીચો ચાલી રહ્યો હોવાથી તેમાં સુધારાની જગ્યા દેખાય છે. અને રૂ. ૩૦નું લક્ષ્યાંક છે.

## એલઆઈસી હાઉસિંગ ફિનાન્સ : રૂ. ૪૭૭માં આકર્ષક

એલઆઈસી હાઉસિંગ ફિનાન્સે તેના જૂન ક્વાર્ટરના પ્રોત્સાહક પરિણામો રજૂ કર્યા છે. હાઉસિંગ ફિનાન્સ સેક્ટરમાં મંદીના સમયગાળામાં ખૂબ સુંદર વૃદ્ધિદર હાંસલ થયો છે અને તે પાછળ કંપનીએ તેના નેટ નફામાં ૧૯ ટકાનો ઉછાળો જૂન ક્વાર્ટરમાં દર્શાવ્યો છે. જ્યારે કંપનીની મુખ્ય આવકો ગયા વર્ષની સરખામણીમાં ૧૮ ટકા વધી છે, જ્યારે નેટ વ્યાજઆવકોમાં ૩૦ ટકાનો વધારો છે.

ફિનાન્સ કંપની દ્વારા અપાતા ધિરાણોમાં ૧૮ ટકાનો વધારો થયો છે.

જંગી ધિરાણો અપાવવા છતાં એલઆઈસી હાઉસિંગ ફિનાન્સ ખૂબ જ મજબૂત એસેટ ક્વૉલિટી ધરાવે છે અને તેની ગ્રોસ એનપીએ ગયા વર્ષે ૦.૮૦ ટકા હતી, તે અત્યારે ઘટીને ૦.૬૦ ટકા થઈ ગઈ છે, જ્યારે નેટ એનપીએ નહીવત્ લેવલ ઉપર જ છે.

કંપનીનો નેટનફો રૂ. ૪૮૮.૧૬ કરોડથી વધીને રૂ. ૫૮૯.૦૨ કરોડ થઈ ગયો છે અને શેરદીઠ કમાણી રૂ. ૬.૩૯થી વધીને રૂ. ૭.૫૭ બેસે છે. જ્યારે માર્ચ ક્વાર્ટરમાં કંપનીએ રૂ. ૭.૫૦ની શેરદીઠ કમાણી મેળવી હતી.

માર્ચ-૨૦૧૫માં પૂરા થયેલા વર્ષમાં રૂ. ૧૦,૬૬૯ની કુલ આવકો ઉપર કંપનીએ રૂ. ૧૩૮૬ કરોડનો નેટનફો અને રૂ. ૨૭.૪૭ની શેરદીઠ કમાણી હાંસલ કર્યા હતા અને અત્યારનો ટ્રેન્ડ ધ્યાનમાં રાખીએ તો સને ૨૦૧૫-૧૬માં રૂ. ૩૩ની શેરદીઠ કમાણી હાંસલ થઈ જાય તેવી ગણતરી છે.

એલઆઈસી પાસે ૪૦.૩૧ ટકા હોલ્ડિંગ છે, જ્યારે વિદેશી રોકાણકારોનું રોકાણ ૩૬.૯૦ ટકા છે, જ્યારે સ્થાનિક સંસ્થાઓ પાસે ૭.૨૬ ટકા અને રિટેઈલ ઈન્વેસ્ટર પાસે ૧૫.૫૩ ટકા હોલ્ડિંગ છે. શેરનો અત્યારનો બજારભાવ આવી સાતત્યપૂર્ણ કંપની માટે થોડો નીચો કહી શકાય અને અત્યારના લેવલથી આ શેર હજી રૂ. ૫૦૦ - રૂ. ૫૦૫ આસપાસ આવે તે સંભાવના મજબુત છે. સરકાર દ્વારા કિફાયતી હાઉસિંગ ઉપર ફોકસ વધારવામાં આવ્યું છે અને તેને કારણે પણ લોન લેનારાની સંખ્યામાં મોટો ઉછાળો જોવાશે અને તેથી કંપનીની ટોપલાઈન અને બોટમલાઈન મજબૂત વૃદ્ધિ દર્શાવે તેવી ગણતરી છે. તેમ છતાં શેરનો ભાવ ટોપની નજીક આવી ગયો હોવાથી નવા રોકાણમાં સંભાળવું.

## અંબુજા સિમેન્ટ : ઝડપથી વધે

### સ્ટોપલોસ રૂ. ૨૪૭

### લક્ષ્યાંક રૂ. ૨૬૪

સોમવારે રૂ. ૨૫૧.૩૫ બંધ આવેલા આ શેરમાં શોર્ટ ટર્મ મધ્યમ ગાળા અને લાંબા ગાળાનો ટ્રેન્ડ બુલિશ પેટર્ન દર્શાવે છે. આરએસઆઈ ૬૪.૯૫ ઉપર છે. જ્યારે એમએસીડી ઈન્ડિકેટર, સ્ટોકેસ્ટિક ઈન્ડિકેટર અને સ્ટોકેસ્ટિક આરએસઆઈ સુંદર ઉછાળાનો સંકેત આપે છે.

રૂ. ૨૪૭નો સ્ટોપલોસ રાખી તેજીની પોઝિશન લેવાય અને તેમાં ઉપરમાં રૂ. ૨૫૬નું લેવલ પસાર થતાં રૂ. ૨૬૪નો ભાવ જોવાય અને તે લેવલ પસાર થઈ જાય તો આ શેર ઝડપી ઉછાળા સાથે રૂ. ૨૭૦ સુધી જવાની ગણતરી.


**DYNAMIC INDUSTRIES LIMITED**
Regd. Office : Plot No. 5501/2, Phase - III, Nr. Trikampura Cross Roads, G.I.D.C., Vatva, Ahmedabad – 382 445
Tel : 25897221-22-23, Fax: 25834292
CIN : L24110GJ1989PLC011989
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

**સૂચના**

આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીની ૨૬મી વાર્ષિક સામાન્ય સભા યોજવામા આવેલ છે, સ્થળ: રજિસ્ટર્ડ ઓફિસ, પ્લોટ નંબર ૫૫૦૧/૨ ફેઝ ૩, ત્રિકમપુરા ચાર રસ્તા, જી.આઈ.ડી.સી. વટવા, અમદાવાદ - ૩૮૨૪૪૫, ગુજરાત સભાની સૂચના સાથે સામાન્ય અને ખાસ વ્યવસાયો, ૩૧ માર્ચ, ૨૦૧૫ એ પૂરા થતા વર્ષની ઓડિટેડ ઍકલ નાણાકીય પત્રક અને એકત્રિત નાણાકીય પત્રક, ઑડિટર્સ રિપોર્ટ અને ડિરેક્ટર્સ રિપોર્ટ મોકલવામાં આવેલ છે અને જે સભ્યોના ઈ-મેલ આઈ ડી નોધાવેલ છે એ સભ્યો ને ઈ-મેલ દ્વારા મોકલવામા આવેલ છે.

સભ્યો ને આથી જણાવવાનુ કે નોટીસ અન બધા ડૉક્યુમેંટ કંપનીની વેબસાઈટ www.dynaind.com પર ઉપલબ્ધ છે. બધા ડૉક્યુમેંટની નકલ સભ્યોના નિરીક્ષણ માટે ધંધાકિય કલાકો દરમ્યાન વાર્ષિક સામાન્ય સભા સુધી કંપની ના રજિસ્ટર્ડ ઓફિસ પર ઉપલબ્ધ રેહશે.

સભ્ય પ્રૉક્સી નિમણૂક કરી શકે છે, પ્રૉક્સી નિમણૂક માન્ય ત્યારે જ થશે જો એ પ્રૉક્સી નિમણૂકનુ ફોર્મ ૪૮ કલાક પહેલા કંપનીની રજિસ્ટર્ડ ઓફીસ પર જમા કરવામા આવશે.

આથી સૂચના આપવામા આવે છે કે કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની કલમ ૯૧ અને બધા નિયમો અનુસાર, ડિવિડન્ડ ચુકવણી માટે, જાહેર કરાય તો, ગુરુવાર, ૧૩ ઓગસ્ટ, ૨૦૧૫ અને શુક્રવાર, ૧૪ ઓગસ્ટ, ૨૦૧૫ ના રોજ મેમ્બર રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક બંધ રેહશે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ હુકમ દ્વારા

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૨ જૂન, ૨૦૧૫

દીપક એન ચોક્શી
ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર



**DYNAMIC INDUSTRIES LIMITED**
Regd. Office : Plot No. 5501/2, Phase - III, Nr. Trikampura Cross Roads, G.I.D.C., Vatva, Ahmedabad – 382 445
Tel : 25897221-22-23, Fax: 25834292
CIN : L24110GJ1989PLC011989
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

**સૂચના**

આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીની ૨૬મી વાર્ષિક સામાન્ય સભા યોજવામા આવેલ છે. કંપનીઝ એક્ટ, ૨૦૧૩, કલમ ૧૦૮, અને તેના બધા નીયમો ના અનુસાર અને લિસ્ટિંગ કરાર ની કલમ ૩૫બી અનુસાર, કંપની તેના બધા સભ્યો ને ઈ-વોટીંગ દ્વારા મત આપવાની સુવિધા આપે છ, જે ઠરાવ વાર્ષિક સામાન્ય સભા મા પસાર કરવાના છે. વાર્ષિક સામાન્ય સભા તેની રજિસ્ટર્ડ ઓફિસ, પ્લોટ નંબર ૫૫૦૧/૨ ફેઝ ૩, ત્રિકમપુરા ચાર રસ્તા, જી.આઈ.ડી.સી. વટવા, અમદાવાદ - ૩૮૨૪૪૫, ગુજરાત મા યોજવામાં આવેલ છે, સભ્યો તેમનો મત ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ દ્વારા કરી શકે છે. સભ્યો સ્થળ કરતાં અન્ય જગ્યાએ થી પણ મત આપી શકે છે (રિમોટ ઈ-વોટિંગ) દ્વારા કંપનીએ ઈ-વોટિંગ સુવિધા પૂરા પાડવા માટે એજન્સી તરીકે ડિપોઝિટરીઝ (ઈન્ડિયા) લિમિટેડ ની સેવાઓ લીધેલ છે.

કંપની એ બધા સભ્યો ને આ સુવિધા ની માહિતી અને યૂજર-આઈ ડી અને પાસવર્ડ નોટીસ મા દર્શાવેલ છે. નોટીસ અને બધા ડૉક્યુમેંટ કંપની ની વેબસાઈટ www.dynaind.com અને સેન્ટ્રલ ડિપોઝિટરીઝ (ઈન્ડિયા) લિમિટેડ ની વેબસાઈટ www.evotingindia.com પર મુકવામાં આવેલ છે.

રિમોટ ઈ-વોટિંગ ૧૧ ઓગસ્ટ, ૨૦૧૫, સવારે ૯:૦૦ થી ૧૪ ઓગસ્ટ, ૨૦૧૫ સાંજે ૫:૦૦ વાગ્યા સુધી ચાલુ રાખવામાં આવશે, આ સમય બાદ આ સુવિધા બંધ કરી દેવામાં આવશે. જે વ્યક્તિ નુ નામ કટ-ઓફ તારીખ એટલે કે, ૭ ઓગસ્ટ, ૨૦૧૫ પર સભ્યો/લાભદાયી માલિકો ના રજિસ્ટર મા હશે તે વ્યક્તિ રિમોટ ઈ-વોટિંગ સુવિધા મેળવવા હકદાર રહેશે.

જે વ્યક્તિ નોટીસ મોકલ્યા બાદ સભ્યા બનશે અને જે વ્યક્તિ પાસે કટ-ઑફ તારીખ એટલે કે, ૭ ઓગસ્ટ, ૨૦૧૫ ના શેર હશે તે વ્યક્તિ પણ આ સુવિધા માટે હકદાર રેહશે. આ વ્યક્તિઓ તેમના યૂજર-આઈડી અને પાસવર્ડ માટે sharepro.ahmedabad@shareproservices.com અરજી મોકલીને મેડવી શકે છે. યૂજર-આઈડી અને પાસવર્ડ મેળવવા માટે વિગતવાર પ્રક્રિયા નોટીસ માં પણ આપેલ છે, નોટિસ અને બધા ડૉક્યુમેંટ કંપની ની વેબસાઈટ www.dynaind.com અને સેન્ટ્રલ ડિપોઝિટરીઝ (ઈન્ડિયા) લિમિટેડ ની વેબસાઈટ www.evotingindia.com પર મુકવામાં આવેલ છે. જે સભ્ય પહેલેથી ઈ-વોટિંગ માટે સી. ડી. એસ. એલ.સાથે રજીસ્ટર થયેલ છે, તે સભ્ય તેમના વર્તમાન યૂજર-આઈડી અને પાસવર્ડ દ્વારા રિમોટ ઈ-વોટિંગ કરી શકે છે.

જે સભ્યો એ ઈ-વોટિંગ દ્વારા મત ના આપ્યો હોય તે સભ્યો વાર્ષિક સામાન્ય સભા મા મતપત્ર દ્વારા મત આપી શકે છે.

રિમોટ ઈ-વોટીંગ ને લગતી સૂચના સામાન્ય સભા ની નોટીસ માં આપેલ છે. ઈ-વોટીંગ ને લગતા પ્રશ્નો માટે સીડીઍસઍલ ની વેબસાઈડ www.evotingindia.com ના ફ્રીક્વેંટલી આસ્કડ ક્વેસ્ચન્સ (FAQs) જોવા અથવા ફોન નંબર ૧૮૦૦-૨૦૦-૫૫૩૩ પર વિનામૂલ્ય ફોન કરવો. ઈ-વોટીંગ ને લગતી ફરિયાદ માટે કૃપ્યા Mr. Wenceslaus Furtado, ડેપ્યુટી મૅનેજર, સીડીઍસઍલ, ૧૭મો માડ, પીજે ટવર, દલાલ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ- ૪૦૦૦૦૧, અથવા ઈ-મેલ: wenceslausf@cdslindia.com અથવા ફોન નંબર ૦૨૨-૨૨૭૨૩૩૩૩/૮૫૮૮ પર સંપર્ક કરવો.

બધા સભ્યો જેને ઈ-વોટીંગ કરેલ હશે તે સભ્ય સભા માં આવી શકે છે પણ એ સભ્ય સભા મા મતપત્ર દ્વારા મત નહી આપી શકે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ હુકમ દ્વારા

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૨ જૂન, ૨૦૧૫

દીપક એન ચોક્શી
ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર